# માણેકલાલ પટેલની પુણ્યતીથી નિમિત્તે ૧.૪૧ કરોડની સ્કોલરશીપ એનાયત





ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના સૌથી વિશાળ શૈક્ષણિક સંકુલના સ્થાપક અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પૂર્વ ચેરમેન માણેકલાલ એમ. પટેલની આઠમી પુણ્યતીથી નિમિત્તે વિવિધ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને ૧.૪૧ કરોડની સ્કોલરશીપ એનાયત કરી સ્વ. માણેકલાલ પટેલની શિક્ષણ પ્રત્યેની સમર્પણ ભાવના અને તેમના કાર્યોને ખરા અર્થમાં અંજલી આપવામાં આવી હતી.

સંસ્થાના પૂર્વ ચેરમેન સ્વ. માણેકલાલ એમ. પટેલની સ્મૃતિમાં ૧૨ જાન્યુ.૨૦૧૩થી પુણ્યતિથિ નિમિત્તે દર વર્ષે ''માણેકલાલ એમ. પટેલ મેમોરિયલ સ્કોલરશીપ'' આપવામાં આવે છે. આ અવસરે વિદ્યાર્થીઓને સંસ્થાના ટ્રસ્ટીઓ અને દાતાઓના હસ્તે વિદ્યાર્થીઓને સ્કોલરશિપ એનાયત કરાય છે.

આ સ્કોલરશિપ બે ભાગમાં વહેંચાવામાં આવી છે. જેમાં મેરિટ આધારિત વિદ્યાર્થીઓને માણેકલાલ એમ. પટેલ મેમોરિયલ મેરિટ સ્કોલરશિપ એનાયત કરવામાં આવે છે. જેની સંખ્યા ૮૮૪, જ્યારે આર્થિક રીતે અસક્ષમ વિદ્યાર્થીઓને માણેકલાલ એમ. પટેલ મીન્સ સ્કોરશિપના નામે તેમને આર્થિક સહાયરૂપે (ફી માફી) સ્કોલરશીપ એનાયત કરવામાં આવે છે. મીન્સ સ્કોરશિપ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૪૧૦ છે. તમામને ઉપસ્થિત દાતાઓના હસ્તે સ્કોલરશિપ એનાયત કરવામાં આવી હતી. દાતાઓમાં વિષ્ણુભાઈ પટેલ અને ભગવાનભાઈ પટેલે ''નો સ્ટડી વિધાઉટ કડી'' સૂત્રને યાદ કરી સંસ્થા સાથેના અનુભવો પ્રસ્તુત કર્યા હતાં.

સંસ્થાના ચેરમેન વલ્લભભાઈએ પ્રસંગોચિત્ત ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે, સંસ્થાની સ્થાપના સમયે છગનભાએ ઘરે ઘરે ફરીને ભણતરનું મહત્વ સમજાવી વિદ્યાર્થીઓ મેળવીને વિદ્યાર્થીઓને તૈયાર કર્યા હતાં. સર્વ વિદ્યાલયના શિક્ષણે ''નો સ્ટડી વિધાઉટ કડી'' સૂત્રની નામના મેળવી છે. જયારે સ્વ.માણેકલાલ એમ. પટેલે સર્વ વિદ્યાલયના છોડને વટવૃક્ષ બનાવ્યું હતું. સંસ્થા તેજસ્વી વિદ્યાર્થીઓ આર્થિક પરિસ્થિતિને લીધે કેળવણી વિના રહે નહીં તે બાબતે સતત ચિંતિત રહી છે. દાતાઓએ સંસ્થાની આ ચિંતાનું ચિંતન કરી કેળવણીના યજ્ઞને આગળ ધપાવવામાં ખૂબ મોટું યોગદાન આપ્યું છે.

આ પ્રસંગે સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ એમ. પટેલ, ડો. કનુભાઈ ડી. પટેલ, વિષ્ણુભાઈ પટેલ, ગીતાબેન પટેલ, નરેશભાઈ પટેલ, જાગૃતિબેન પટેલ, ભરતકુમાર પટેલ, પ્રભાબેન પટેલ, રશિકભાઈ પટેલ, તારાબેન પટેલ, બળદેવભાઈ પટેલ, વિમળાબેન પટેલ, રાકેશભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ, નટુભાઈ અમથાલાલ પટેલ, નયનભાઈ પટેલ, વિઠ્ઠલભાઈ પટેલ, લતિકાબેન પટેલ, કાળીદાસભાઈ પટેલ, ચિમનભાઈ પટેલ, શૈલેષભાઈ પટેલ, ડો. શૈલેષભાઈ પટેલ, હરજીવનદાસ પટેલ, કૌશિકભાઈ પટેલ, રેણુકાબેન પટેલ, ભગવાનભાઈ પટેલ, શારદાબેન પટેલ સહિત સંસ્થાના હોદેદારોના હસ્તે વિદ્યાર્થીઓને સ્કોલરશીપ એનાયત કરવામાં આવી હતી.

આ સાથે ડો. મણિભાઈ એસ. પટેલ, ડો. જયંતિભાઈ પટેલ. ડો. રમણભાઈ પટેલ, મહેશભાઈ પટેલ, રૂપેશભાઈ પટેલ, બીપીનભાઈ પટેલ, ખોડાભાઈ પટેલ, મનુભાઈ પટેલ સહિત સંસ્થાના હોદ્દેદારો, સર્વવિદ્યાલયના સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓના આચાર્ય, શિક્ષકગણ અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને સ્કોલશિપ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.

# સરકાર ગાંધીનગર શહેરમાં પાંચ અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળા શરૂ કરશે

**મનપા સાથે મળી શાળા કરવા આયોજન : પ્લે ગૃપનો ખર્ચ મહાનગરપાલિકા દ્વારા ઉઠાવવામાં આવે અને પ્રાથમિક શિક્ષણનો ખર્ચ સરકાર ઉપાડશે**

ગાંધીનગર, તા. ૧૨

આગામી શૈક્ષણિક સત્રથી ગાંધીનગર શહેરમાં પાંચ અંગ્રેજી માધ્યમની પ્રા. શાળાઓ શરૂ કરવાની વિચારણા ગંભીરતાથી સરકાર દ્વારા હાથ ધરાઈ છે.

મળતી વિગતો પ્રમાણે સરકાર અને મનપાના સત્તાવાળાઓ વચ્ચે પ્રાથમિક ચર્ચાઓ થઈ છે અને સરકાર દ્વારા પ્લે ગૃપથી લઈ ધો. ૮ સુધીની આ શાળાઓ શરૂ કરવામાં આવશે.

શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે સરકારી શાળાઓમાં બાળકોની ઘટતી જતી સંખ્યાને પગલે હવે અંગ્રેજી માધ્યમની પ્રા. શાળા શરૂ કરવાની દિશામાં હિલચાલ શરૂ થઈ છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે પ્લે ગૃપનો ખર્ચ મહાનગરપાલિકા દ્વારા ઉઠાવવામાં આવે અને પ્રા. શિક્ષણનો ખર્ચ સરકાર ઉપાડશે. આ બાબતમાં સરકાર અને મનપા કક્ષાએ મન બનાવવી લેવામાં આવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં એક તબક્કે ૩૭ જેટલી સરકારી પ્રા. શાળાઓ ચાલતી હતી. હાલ માત્ર ૩૨ જેટલી પ્રા. શાળાઓ ચાલી રહી છે. આમ પાંચ પ્રા. શાળાઓ સંખ્યાના અભાવે બંધ કરવાની અથવા મર્જ કરવાની નોબત આવી છે. સૂત્રોએ જણાવ્યુ છે કે અંગ્રેજી માધ્યમની પ્રા. શાળા શરૂ કરવા માટે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન મોદીના સમયમાં પણ વિચારણા થઈ હતી પરંતુ પછી તે બાબત અભેરાઈએ ચઢી ગઈ હતી. ગાંધીનગર શહેર સહિત શહેરી વિસ્તારમાં બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણાવવાનો ક્રેઝ વાલીઓમાં વધતો ચાલ્યો હોવાથી સરકાર પ્લે ગૃપથી જ અંગ્રેજી માધ્યમનો પ્રારંભ કરવાની વિચારણા કરી રહેલ છે.

# શહેરમાં પવનનુ જોર યથાવત રહેતા નગરજનોને કોલ્ડવેવનો અહેસાસ

ગાંધીનગર તા ૧૨

શહેરમાં ત્રણ દિવસ અગાઉ ઠંડીનો પારો ૭.૫ ડીગ્રી એ પહોંચી જતા નગરજનો આકરા કોલ્ડવેવમાં ઠુંઠવાયા હતા. જયારે છેલ્લા બે દિવસથી ઠંડીનો મિજાજ હળવો થતા નગરજનોએ રાહત અનુભવી છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૧.૮ ડીગ્રીએ આવી ગયુ હતુ. જયારે આજે ઠંડીનો પારો વધુ ચાર ડીગ્રી ઉપર ચઢતા શહેરીજનોએ કોલ્ડવેવમાં રાહત અનુભવી હતી. જો કે પવનના લીધે વાતાવરણમાં ઠંડક રહી હતી. બીજીતરફ મહત્તમ તાપમાન પણ ૨૯ ડીગ્રી રહ્યુ હતુ. લઘુત્તમ તાપમાન ૧૫ ડીગ્રી નોંધાયુ હતુ. જેના લીધે ઠંડીનુ જોર ઘટી ગયુ હતુ. લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે બેવડો તફાવત નોંધાયો હતો. છેલ્લા ત્રણ દિવસમાં લઘુત્તમ તાપમાન ૭.૫ ડીગ્રી થી ઉપર ચઢીને આજે ૧૫ ડીગ્રીએ પહોંચી જતા રજાના દિવસે નગરજનોએ ઠંડીમાં રાહત અનુભવી હતી. દિવસ દરમિયાન પવનનુ જોર રહ્યુ હતુ. ત્યારે ગુલાબી ઠંડક વચ્ચે પતંગરસિયાઓએ મજા માંણી હતી. જો કે સાંજ ઢળતા જ વાતાવરણમાં ઠંડક અનુભવતા નાગરિકો ગરમ કપડામાં લપેટાઈ ગયા હતા. ઠંડીની મોસમનો મિજાજ રોજબરોજ બદલાતો રહે છે. ઠંડીના પારાની ચઢ ઉતર થતી રહે છે.પરંતુ પવનનુ જોર યથાવત રહેતા નગરજનો કોલ્ડવેવથી હજુ પ્રભાવિત છે.

# બજારમાં પતંગ રસિયાઓની ભીડ જામી

**ઉતરાયણ પર્વનુ કાઉન્ટ ડાઉન શરૂ : રજાના દિવસે સવારથી જ પંતગ રસિયાઓ ખરીદીમાં નિકળી પડયા : પતંગ દોરીના ભાવમાં ૧૦ થી ૧૫ ટકાનો વધારો : સોમવારે પતંગ બજારમાં વિશેષ ઘરાકી રહે તેવી વેપારીઓને આશ : પતંગ દોરી સહીત અવનવી એસસરીઝ ખરીદવા બાળકો વિશેષ ઉત્સુક : નગરના કેટલાક પરિવારજનો બહારગામ ફરવા નિકળી ગયા**








ગાંધીનગર તા ૧૨

ઉતરાયણના પર્વને આડે હવે માત્ર એક જ દિવસ બાકી રહેતા બજારમાં આજે રજાના દિવસે ભારે ભીડ જોવા મળી હતી. રવિવારની રજાના દિવસે પતંગરસિયાઓ પતંગ દોરીની ખરીદી માટે નિકળી પડયા હતા. શહેરના સે-૨૧, સે-૭ સે-૨૪ના પતંગ બજારોમાં ગ્રાહકોની ભીડ રહી હતી. પતંગ દોરી સહીત અન્ય માસ્ક અને પીપુડા સહીતની એસસરીઝની ખરીદી માટે પણ બાળકોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. પતંગ દોરીમાં પણ અંદાજિત ૧૦થી ૧૫ ટકાનો ભાવ વધારાથી ગ્રાહકો થોડા પ્રભાવિત થયા હતા. આજે રજાનો દિવસ હોવાથી સાંજે સેકટરોમાં આકાશમાં પતંગો છવાયેલા જોવા મળ્યા હતા સોમવારે પણ વધુ ઘરાકી ખુલશે તેવી વેપારીઓને આશા છે.

આકાશને રંગીન બનાવતા ઉતરાયણના પર્વને અનુલક્ષીને યુવાવર્ગમાં વિશેષ ઉત્સાહનુ મોજુ

● અનુસંધાન પાન-૭ પર

### આને કહેવાય સ્માર્ટ સીટી...

# ખુલ્લી ગટરોને ઢાંકવા પોલીસ બેરીકેટસનો ઉપયોગ

**ઘ- ૭ પાસે ખુલ્લી લાઇનથી ગમે ત્યારે જાનલેવા અકસ્માતની દહેશત : સ્માર્ટ સીટીમાં છેવાડાના ગામથી બદતર દ્રશ્યો : સ્ટ્રીટ લાઇટના થાંભલાની પણ આવી જ દશા**

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં માર્ગ સલામતી અને આમ નાગરિકોની સલામતીની તંત્રને ફીકર જ નથી.ટ્રાફિક નિયમનના ઉપયોગમાં લેવાતા પોલીસ બેરીકેટસ સ્માર્ટ સીટીમાં ગટરની ખુલ્લી લાઈનને આડશ આપવા ઉપયોગમાં લેવાઈ રહ્યા છે. નગરના મુખ્ય ઘ માર્ગ પર ઘ-૭ નજીક ખુલ્લી ગટર લાઈનના લીધે ગમે ત્યારે જાનલેવા અકસ્માત સર્જાય તેવી સ્થિતિ છે. પોલીસ બેરીકેટસ મુકીને અકસ્માત ટાળવા પ્રયાસ કરાયો છે પરંતુ જાહેર માર્ગ પર આ સ્થિતિને ડામવા માટે તંત્ર હજુ સુધી એકશનમાં આવ્યુ નથી. જેના લીધે માર્ગ સલામતી જોખમાઈ છે. છેવાડાના ગામ જેવા બિહામણા દ્રશ્યો જોઈને સ્માર્ટ સીટીની ઓળખ સામે પણ અનેક સવાલો મંડરાયા છે.

ગાંધીનગરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થયા બાદ વિકાસના અનેકવિધ પ્રોજેકટો હાથ ધરી નગરને સ્માર્ટ બનાવવા પ્રયાસો શરૂ કરાયા છે. પરંતુ હજુ



માળખાગત સુવિધાઓમાં જ છેવાડાના ગામ જેવા છીંડા જોવા મળી રહ્યા છે. શહેરમાં પાણી ગટરની ફરિયાદો રોજબરોજ ઉઠતી રહે છે. બીજીતરફ સેકટરોમાં ગટરો તેમજ સ્ટ્રીટ લાઈટના ખુલ્લા થાંભલા પણ મોતના કુવા સમાન બન્યા છે. શહેરના મુખ્યમાર્ગો ઉપર જ આવી સ્થિતિ છે. ત્યારે સેકટરોના આંતરિક માર્ગો પર ગટરના ઉભરાતા દુષિત પાણી વચ્ચે ગટરોના ઢાંકણો પણ વારંવાર ખુલ્લા હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. શહેરના મુખ્યમાર્ગો પર સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરો પણ તુટેલી અને ભયજનક હાલતમાં હોવાની અનેકવાર ફરિયાદો ઉઠવા પામે છે. જેના લીધે વાહનચાલકો પણ અકસ્માતનો ભોગ બને છે. નગરના મુખ્ય ઘ માર્ગ પર ઘ-૭ પાસે જ આ પ્રકારની ભયજનક સ્થિતિ જોવા મળી રહી છે. હદ તો ત્યાં થાય છે કે ટ્રાફિક નિયમનનુ સંચાલન કરવામાં ઉપયોગી પોલીસ બેરિકેટસનો ઉપયોગ ખુલ્લી ગટરોના ઢાંકણ તરીકે થઈ રહ્યો છે. સ્માર્ટ સીટી અને સ્વચ્છતાના દ્રષ્ટીકોણને ધ્યાને લઈ આવતા કેન્દ્ર સરકારના અધિકારીઓને રૂપાળા દ્રશ્યો દેખાય તે માટે ચોક્કસ વિસ્તારનો જ રાઉન્ડ કરાવાય છે. નગરને સ્માર્ટ સીટી બનાવાના સોહામણા સ્વપ્નને સાકાર કરવા માટે મુળભુત સુવિધાઓને અનુલક્ષીને ત્વરિત બદલાવની આવશ્યકતા છે. શહેરમાં મુખ્યમાર્ગો જ નહી સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ આ પ્રકારની બિહામણી સ્થિતિ છે.

● અનુસંધાન પાન-૭ પર

## ધારાસભ્યના ગામમાં જ ૧૦૨ નળ જોડાણ બાકી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના દહેગામના ધારાસભ્યના વતનના ગામ પાલુન્દ્રામાં જ ૧૦૨ ઘરને નળનું જોડાણ હજુ સુધી બાકી છે.

નલ સે જલ યોજનામાં જિલ્લાના ૨૯ ગામોમાં ૫૬૮ કનેક્શન આપવાના હતા પરંતુ તાજેતરમાં થયેલ સમીક્ષા બેઠકમાં ૨૬૮ જેટલા જ કનેક્શન બાકી હોવાનું બહાર આવ્યુ હતુ. આ બાકી કનેકશનોમાં ૧૦૨ કનેક્શન ભાજપના ધારાસભ્યના વતનમાં જ બાકી છે. અહિ પક્ષીય રાજકારણની લડાઈ હોવાની વાતો લોકજીભે ચર્ચાતી સાંભળવા મળી છે. જો કે બાકી નળ જોડાણ માટે લોકફાળો ભરવાની વાતને લઈ આખોય મામલો અટવાયો હોવાનું પણ કહેવાય છે. એક તરફ તંત્ર દ્વારા જિલ્લામાં તમામ આવાસો નળ જોડાણ આપવા તત્પર બન્યુ છે ત્યારે ભાજપના જ વિસ્તારોમાં વિચિત્ર ઘટનાઓ બહાર આવતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે.



યુવા દિન નિમિત્તે મહાત્મા મંદિર ખાતે યુગ પુરૂષ યુવા પરિષદનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ અવસરે વિવિધ ક્ષેત્રના પ્રતિભાશાળી યુવાનોને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે પ્રશસ્તીપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા.

## પાંચ વર્ષ દરમ્યાન પ્રધાનમંત્રી આવાસ યોજનાના ૫૯૭૯ આવાસો બનાવવા મંજૂરી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન ૫૯૭૯ આવાસો પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મંજૂર કરવામાં આવ્યા છે.

૨૦૧૫-૧૬ થી ૩૦-૬-૧૯ સુધીમાં આ આવાસો મંજૂર કરવામાં આવ્યા છે. જે પૈકી અત્યાર સુધીમાં ૧૮૪૮ આવાસોના નિર્માણનું કાર્ય પૂર્ણ કરવામાં આવ્યુ છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં હજુ ૩૭૫૬ જેટલા આવાસોનુ કામ ચાલુ થઈ શક્યુ નથી. જિલ્લા વિકાસ અધિકારીએ આ માટે તાજેતરમાં તંત્રના અધિકારીઓ સાથે સમીક્ષા પણ કરી હતી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા વિકાસ અધિકારીએ તાલુકા વિકાસ અધિકારીઓ સાથેની બેઠકમાં આ માટે ટોચ અગ્રતા આપવાની તાકીદ કરી સાપ્તાહિક ધોરણે મોનીટરીંગ કરવા સૂચના આપી હતી એટલુ જ નહિ જે આવાસોનું કામ પૂર્ણ થાય તે અંગેનું રિપોર્ટીંગ તાત્કાલિક કરી વિવિધ યોજનાઓ જેવી કે વીજળીકરણ, નળ જોડાણ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ બને તે માટે ધ્યાન કેન્દ્રીત કરી શકાય.

## જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાનમાં એક લાખ ૬૮ હજાર બાળકો આવરી લેવાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પલ્સ પોલિયોના પ્રથમ રાઉન્ડમાં ૧ લાખ ૬૮ હજાર જેટલા બાળકોને આવરી લેવામાં આવશે. ૧૯ મી જાન્યુઆરીએ આ પલ્સ પોલિયો અભિયાન યોજાવાનું છે. જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત ૮૪૦ જેટલા બુથ ઉભા કરવામાં આવનાર છે. આ ઉપરાંત ૧૮ જેટલી મોબાઈલ ટીમ પણ બનાવવામાં આવી છે.

આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૯૦ થી વધુ સંવેદનશીલ વિસ્તારોને પણ ઓળખી કાઢી આ અભિયાનમાં ત્યાં વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. જિલ્લાના ચારેય તાલુકા માટે નોડલ ઓફિસરોની નિયુક્તીના પણ આદેશ કરી દેવાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગત વર્ષે પલ્સ પોલિયો અભિયાનના પ્રથમ દિવસે ૯૦ ટકા જેટલા બાળકો આવરી લેવામાં આવ્યા હતા. ત્રણ દિવસ ચાલનારા આ અભિયાનમાં પ્રથમ દિવસે બુથ પર બે ટીપાં પીવડાવવામાં આવશે. આ પછી ઘરે ઘરે ફરી રહી ગયેલા બાળકોને આ અભિયાનમાં આવરી લેવામાં આવશે.

૦ થી ૫ વર્ષની આયુ ધરાવતા બાળકોને આ અભિયાનમાં આવરી લેવામાં આવશે. જિલ્લાના ત્રણ હજારથી વધુ આરોગ્ય કર્મયોગીઓ આ અભિયાનમાં જોડાશે. તંત્ર દ્વારા આ અભિયાનને લઈ તૈયારીઓ પૂરજોશમાં હાલ ચાલી રહી છે.

શિક્ષણ અને આરોગ્ય વિભાગ દ્વારા સુયોગ્ય સંકલનમાં રહી આ આખાય અભિયાનનું આયોજન કરવામાં આવ્યુ છે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN® | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT® | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com